# બીએસઈ ઈન્સ્ટિટ્યૂટ લિમિટેડે સહયોગી કાર્યક્રમો ઓફર કરવા ઈઝરાયેલની આઈડીસી હર્ઝલિયા સાથે જોડાણ કર્યું



દિલ્હી, ૨૧ નવેમ્બર, ૨૦૧૬ – ફાઈનાન્શિયલ એજ્યુકેશનમાં અગ્રણી બીએસઈ ઈન્સ્ટિટ્યૂટ લિમિટેડે ઈઝરાયેલની અગ્રણી યુનિવર્સિટી આઈડીસી હર્ઝલિયા સાથે જોડાણમાં કાર્યક્રમો, સંશોધનાત્મક પહેલો અને વિદ્યાર્થી આદાનપ્રદાન કાર્યક્રમો ઓફર કરવા સમજૂતીકરાર (એમઓયુ) કર્યા છે. આ એમઓયુ પર દિલ્હીમાં તાજ પેલેસ હોટેલમાં બીએસઈ ઈન્સ્ટિટ્યૂટ લિમિટેડના એમડી અને સીઈઓ શ્રી અંબરિષ દત્તા અને આઈડીસી હર્ઝલિયાના પ્રેસિડન્ટ અને સ્થાપક પ્રોફેસર યુરિલ રેઈકમેને ઈઝરાયેલના આદરણીય રાષ્ટ્રપતિ આદરણી રુવેન રિવ્લિન અને ભારતના કેન્દ્રિય માનવસંસાધન પ્રધાન આદરણીય શ્રી પ્રકાશ જાવડેકરની હાજરીમાં હસ્તાક્ષર થયા હતા.

બીએસઈ ઈન્સ્ટિટ્યૂટ અને ઈઝરાયેલની આઈડીસી હર્ઝલિયા બંને સંયુક્ત કાર્યક્રમો, સંશોધનાત્મક પહેલો અને વિદ્યાર્થી આદાનપ્રદાન પહેલો મારફતે વિદ્યાર્થીઓને વૈશ્વિક કક્ષાનું શિક્ષણ પ્રદાન કરવાનો ઈરાદો ધરાવે છે. ઉપરાંત એમઓયુ બંને દેશોના વિદ્યાર્થીઓને ઉત્કૃષ્ટ તકો પ્રદાન કરે છે, જેઓ વિદેશમાં અભ્યાસ કરવાની અને નવીન વિચારોનો વિનિમય કરવાની આકાંક્ષા ધરાવે છે.

# બીએસઈ ઈન્સ્ટિટ્યૂટે ઈઝરાયેલની આઈડીસી હર્ઝલિયા સાથે જોડાણ કર્યું

ફાઈનાન્શિયલ એજ્યુકેશનમાં અગ્રણી બીએસઈ ઈન્સ્ટિટ્યૂટ લિમિટેડે ઈઝરાયેલની અગ્રણી યુનિવર્સિટી આઈડીસી હર્ઝલિયા સાથે જોડાણમાં કાર્યક્રમો, સંશોધનાત્મક પહેલો અને વિદ્યાર્થી આદાનપ્રદાન કાર્યક્રમો ઓફર કરવા સમજૂતીકરાર (એમઓયુ) કર્યા છે.

આ એમઓયુ પર દિલ્હીમાં તાજ પેલેસ હોટેલમાં બીએસઈ ઈન્સ્ટિટ્યૂટ લિમિટેડના એમડી અને સીઈઓ શ્રી અંબરિષ દત્તા અને આઈડીસી હર્ઝલિયાના પ્રેસિડન્ટ અને સ્થાપક પ્રોફેસર યુરિલ રેઈકમેને ઈઝરાયેલના આદરણીય રાષ્ટ્રપતિ આદરણી રુવેન રિવ્લિન અને ભારતના કેન્દ્રિય માનવસંસાધન પ્રધાન આદરણીય શ્રી પ્રકાશ જાવડેકરની હાજરીમાં હસ્તાક્ષર થયા હતા.

બીએસઈ ઈન્સ્ટિટ્યૂટ અને ઈઝરાયેલની આઈડીસી હર્ઝલિયા બંને સંયુક્ત કાર્યક્રમો, સંશોધનાત્મક પહેલો અને વિદ્યાર્થી આદાનપ્રદાન પહેલો મારફતે વિદ્યાર્થીઓને વૈશ્વિક કક્ષાનું શિક્ષણ પ્રદાન કરવાનો ઈરાદો ધરાવે છે. ઉપરાંત એમઓયુ બંને દેશોના વિદ્યાર્થીઓને ઉત્કૃષ્ટ તકો પ્રદાન કરે છે, જેઓ વિદેશમાં અભ્યાસ કરવાની અને નવીન વિચારોનો વિનિમય કરવાની આકાંક્ષા ધરાવે છે.

બીએસઈ ઈન્સ્ટિટ્યૂટ લિમિટેડના એમડી અને સીઈઓ શ્રી અંબરિષ દત્તાએ કહ્યું હતું કે, ઈઝરાયેલ ઘણાં વર્ષોથી નવીનતા અને ટેકનોલોજીમાં વૈશ્વિક લીડર છે. આઈડીસી હર્ઝલિયા સાથે આ જોડાણ નવીનતા, ટેકનોલોજી અને સ્ટાર્ટઅપ્સના ક્ષેત્રમાં ભારતીય વિદ્યાર્થીઓને વિકસાવવાની ઉત્કૃષ્ટ તક પ્રદાન કરે છે. આ જોડાણથી અમને સાયબર સુરક્ષા, બિગ ડેટા જેવા ક્ષેત્રમાં સંશોધન આધારિત પ્રોજેક્ટ્સ વિકસાવવા અમને મદદ પણ કરે છે. આઈડીસી હર્ઝલિયા સાથે મને ખાતરી છે કે અમે ૨૧?? સદીના પડકારોનો સામનો કરવા અમારા વિદ્યાર્થીઓને તૈયાર કરવા સક્ષમ છીએ.

આઈડીસી હર્ઝલિયાના પ્રેસિડન્ટ અને સ્થાપક યુરિલ રેઈકમેને કહ્યું હતું કે, અમે અમારી ભાગીદારીમાં આ રોમાંચક પ્રકરણ શરૂ કરવા આતુર છીએ, જે સંયુક્તપણે આપણા દેશમાં યુવાનોને શિક્ષિત કરવા ૨૧?? સદીના પડકારોનો સામનો કરવા તથા ઉદ્યોગસાહસિક લીડરશિપ, ટેકનોલોજીકલ નવીનતા અને સંયુક્ત વાણિજ્યિક અને સામાજિક સાહસો વિકસાવવાની સંભવિતતા ધરાવે છે.